શ્રી ગણેશાયનમઃ

ઉર્વશી-પુરૂરવા.

નાટકનાં ગાયનો.

રચાવી અને છપાવી પ્રસિદ્ધ કરનાર,

વીઠલદાસ હેમજીભાઈ ભાવનગરવાળા

શ્રી વિજય ગૌતમ નાટક સમાજના માલીક.

મુ. કરાંચી.

ધી માર્તંડ મુદ્રાલય પ્રેસમાં પટેલ. બાબાભાઈ છગનલાલે
છાપ્યા. ઠે. રતનપોળમા મરચાપોળ-અમદાવાદ

આવૃતી ચોથી. પ્રત ૧૦૦૦

સંવત ૧૯૭૩ સને ૧૯૧૭

કીંમત ૦-૨-૦

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
[illegible]
ગુજરાતી [illegible]-સંગ્રહ

ચેતવણી.

સને ૧૮૬૭ ના ૨૫ મા આકટ મુજબ રજીસ્ટર કરાવી પ્રસિદ્ધ કરનારે સર્વ હક્ક પોતાના સ્વાધીન રાખ્યા છે માટે પ્રસિદ્ધ કર્તાની રજા સિવાય કોઇએ આ નાટક તથા તેમાંનાં ગાયનો છાપવાં—છપાવવાં, વેચવાં—વેચાવવાં કે ભજવવાં—ભજાવવાં નહીં.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ७२४३ वर्गांक

पुस्तकनुं नाम ઉપનિષ[illegible]

विषय ૮-:૨-૧

श्री गणेशायनमः

ઉર્વશી--પુરૂરવા.

નાટકની પ્રવેશવાર ટુંક હકીકત.

અંક પહેલો.

નાન્દી—સૂત્રધાર તથા **બાળાઓની** નાટય વસ્તુ સંકલના સુચક સંવાદ અને પ્રાર્થના.

પ્ર. ૧ લો—બદ્રીકાશ્રમ—ભગવાન **નારાયણ** રૂષિના પ્રચંડ તપથી ભયપામી **ઇંદ્રે** તપ ભંગ કરવા તપોવનમાં **અપ્સરાઓને** પ્રેરવી. ભગવાન **નારાયણે** તપમાંથી ચળિત ન થતાં નિજ ઉરૂમાંથી **ઉર્વશી** ઉપજાવી અપ્સરાઓ સાથે તેને ઇંદ્ર લોકમાં મોકલવી.

પ્ર. ૨ જો—ઇંદ્રભુવન—નારાયણને લલચાવવામાં નાશીપાસ થએલી અપ્સરાઓનું **ઉર્વશી** સાથે **ઇંદ્રભુવનમાં** આગમન. **નારાયણની અલૌકીક** તપશ્ચર્યાનું અને **ઉર્વશીની** ઉત્પતિનું વર્ણન. **ઉર્વશીને** અપાયલું ઉચ્ચ સ્થાન અને સખીઓ સાથે સુંદર સ્થળોના સુંદર વિહારાર્થે ગમન. **લક્ષ્મી સ્વયંવર નાટકને** ભજવવાના **ભરતમુની** અને નારદજીના ચોક્કસ ઉદ્દગારો.

પ્ર. ૩ જો—માણવકનું મકાન—યૌવનનાપૂર બહારે પહોંચેલી લલિતાના ભવિષ્યના સુખી સંસારના ઉદ્દગાર, **માણવક અને** રૂપાળીના ગૃહ સંસારના વિચાર, **અરજણીયા સાથે વિદ્યારામ** જમાઇરાજનું આગમન, **વિદ્યારામના વેદીયાં** વચનના ગોટાળા.

પ્ર. ૪ થો—હેમકુટ પર્વત પ્રદેશનું માનસરોવર-ઈંદ્રની આજ્ઞાનુસાર **ઉર્વશી**ની અપ્સરાઓ સાથે આનંદ ક્રીડા **ઈંદ્ર** પ્રત્યે વેર વાળવાની ધુનમાં **ઉર્વશી** ઉપર અત્યાચાર ગુજારવાની ઇચ્છાવાળા રાહુદાનવનું ત્યાં આગમન. **ઉર્વશી** પર બળાત્કાર-ચીત્રલેખા મદદગાર-અચાનક **પુરૂરવાનું** અપ્સરાના અવાજથી આગમન. રાહુ સાથે યુદ્ધ **રાહુનો** પરાજય અને પલાયન **ઉર્વશીનું** શુદ્ધમાં આવવું, **પુરૂરવાના** હૃદયમાં પ્રણયબીજનું રોપાવું, સાથે **ઉર્વશીનું** ઇંદ્ર લોકમાં જવું. જતાં પહેલાં એક પત્ર **ચીત્રલેખા** મારફતે **માણવકને** આપવું રાજાનું રાજધાનીમાં પાછા ફરવું ઉભયદૈવી પંખીડાઓ વચ્ચે પ્રથમ પ્રણયનું મંગલાચરણ ઉદ્ભવવું.

પ્ર. ૫ મો—બગીચો-પુરૂરવાનો **ઉર્વશી** પ્રત્યે પ્રબલ પ્રેમના ઉદ્દગારો **ઉર્વશીનો** પત્ર રાજાના હાથમાં આવવો. **નિપુણકાની** ચાલાકીથી રાણીએ રાજ હૃદયનો ભેદ જાણવો, બગીચામાં રાણીનું આગમન. રાજા રાણી વચ્ચે ઉદભવેલો સંવાદ અને રાણીનું રીસાઇને ચાલ્યાં જવું.

પ્ર. ૬ ઠો—**માણવકનું મકાન**-માણવકને ઘેર તેના ગુરૂનું આગમન ગુરૂ પ્રત્યે તેની પુજ્યભાવના વેદીયો વર મળવાથી લલિતાના હૃદયમાં લાગેલા લાળા વિદ્યારામના શાસ્ત્ર પ્રમાણના ગોટાળા અને यत्रनार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता નો ઉંધો અર્થ કરી વિદ્યારામે કરેલી પ્રિયાની પુજાને આરની અને પતિની બુદ્ધિ ઠેકાણે લાવવાની લલિતાની દૃઢ વૃત્તિ.

પ્ર. ૭ મો—જંગલ—ઈંદ્ર લોકમાં ભજવાયલા લક્ષ્મી સ્વયંવરના નાટકમાં ઉર્વશીની થયેલી ભુલપરથી થવાના ન્યાય સંબંધી ગાલવ અને નારદનું વિવરણ.

પ્ર. ૮ મો—ઈંદ્રનો દરબાર—લક્ષ્મી સ્વયંવરના નાટકમાં ઉર્વશીની ભૂલથી ક્રોધિત થઈ ભરતમુનિએ આપેલો શ્રાપ, અપ્સરાઓના ઉરમાં પશ્ચાતાપ. નારદના કહેવાપરથી ઇંદ્રે કરેલો શ્રાપનો અનુગ્રહ ઉર્વશીના શોકોદગાર અને મૃત્યુલોક તરફ સંચાર. નારાયણ-મુનીનું પ્રાગટ્ય.

ટેબ્લો.

અંક બીજો.

પ્ર. ૧ લો—મહાલયનો માર્ગ—રીસાયલી રાણીનો હૃદયથી પશ્ચાતાપ અને રાજા સાથે "પ્રિયપ્રસાદન" વ્રત ઉજવવાની ઉચ્ચ અભિલાષ.

પ્ર. ૨ જો—રાજમહાલય—વિરહવેદનાથી વ્યથિત થતા રાજાના વિરહોદ્‌ગાર, ઉર્વશીનું સખીઓ સાથે અંતરિક્ષમાં આગમન. રાણીના પ્રિય પ્રસાદન. વ્રતનું ઉત્થાપન. અને પ્રત્યાગમન. ઉર્વશીના રસરેલ પુરૂ અને ઉર્વશી વચ્ચે પ્રણયની રેલછેલ. તથા રાજ્ય મહેલમાં દંપતિનો સજોડે પ્રવેશ.

પ્ર. ૩ જો—માણવકનું મકાન—યૌવનના પૂર બહારે પહોંચેલી લલિતાના ભવિષ્યના સુખી સંસારના ઉદ્‌ગાર, માણવક અને રૂપાળીના ગૃહસંસારના વિચાર, અરજણીયા સાથે વિદ્યારામ જમાઇનું આગમન, વિદ્યારામનાં વેદીયાં વચન,

અને શાસ્ત્ર પ્રમાણુના ગોટાળા.

પ્ર. ૪ થો—**અંતઃપુરમાં** ગર્ભવંતિ **ઉર્વશીના** શ્રાપનો **અનુગ્રહ** યાદ આવતાં ઉપજેલી ચિંતા. ચાલાક **ચીત્રલેખાની** ચાલાકી. અને રાજા પાસેથી સખીને લઈ **બદ્રીકાશ્રમ** તરફ કરેલી મુસાફરી.

પ્ર. ૫ મો—**જંગલ**—ગુરૂ થવાની ધુનવાળા અરજણીયાએ જંગલમાંથી ચાલ્યા જતા ગુરૂ ચેલાને પકડી લઇ બળાત્કારે તેમને શિષ્ય બનાવવા. તેના જુલ્મમાંથી છુટવા માટે ચેલાએ ધરેલું નારી રૂપ માણવકનું અચાનક આગમન, ગુરૂ ચેલા અને અરજણીયાનું અજાયબી ભર્યું ઓળખાણ અને અરજણીયાને મુખેથી અજાણતાં બોલાતાં 'તકતક ફરરરર" એ વાક્યનો ગુરૂએ સમજાવેલો અર્થ—માણવકે અરજણને કરાવેલું સદ્દગુરૂનું ભાન અને જ્ઞાન.

પ્ર. ૬ ઠો—**ભગવાન ચ્યવન મુનીનો આશ્રમ**—શ્રાપનો અનુગ્રહ યાદ કરીને **ઉર્વશીનું** ભગવાન ચ્યવન મુનિને ત્યાં બાળક **આયુને** મુકવા આવવું. એક તરફથી પુત્ર સ્નેહ અને બીજી તરફથી પતિ સ્નેહમાં ઝુરતી હૃદયથી બળતી, ત્રિશંકુની ગતિ અનુભવતી **ઉર્વશીની** કષ્ટમય કથનીનો કરૂણુ જનક ચિતાર.

પ્ર. ૭ મો—**કુમારવન**—પુરૂરવા પ્રત્યે વેર લેવાના કેશીદાનવના પ્રબળ ઉદગાર, વનવિહાર માટે નીકળેલી ઉર્વશી-પુરૂરવાને વાટમાં મળેલી વિદ્યાધર કુમારી—મુગ્ધા બાલિકાના નૃત્ય ગાનમાં પુરૂરાજાનું ખુશી થવું. ઉર્વશીએ રીસાઇને ગમન કરવું. અને પાછળ ફરતાં ઉર્વશીને ન જોવાથી રાજાનું

પણ પ્રિયાની પાછળ પડવું.

પ્ર. ૮ મો—**કુમારવનમાં**—ઉર્વશીનું વેલી સ્વરૂપ, સૂર્યનારાયણ અને નારદજી વચ્ચે પુરૂરાજા કષ્ટ નિવારણ સંબંધી વાર્તાલાપ, પ્રિયા વિરહે અરણ્યમાં દીવાના બની ભટકતા પુરૂરાજાને સંગમનીય મણીની પ્રાપ્તી. મણી પ્રતાપે વેલીને સ્પર્શ થતાંજ વેલમાંથી ઉર્વશીનું પ્રાગટ્ય. વિદહવેલા દૈવી દંપતીનો અજાયબી ભર્યો મેળાપ. પ્રબળ વૈરાગ્નિમાં ઘુમતા કેશીદાનવની વૈર લેવાની તૈયારી પુરૂરાજા ઉપર શસ્ત્ર ઉગામતાં વનદેવી પ્રગટ થઇ દુષ્ટ બુદ્ધ દાનવને બાળી ભસ્મ કરેછે.

આશ્ચર્યકારક ટેબલો.

અંક ત્રીજો.

પ્ર. ૧ લો—**રાજમાર્ગ**—નંદનવનમાંથી પાછા ફરેલાં રાજા રાણી સંબંધી **માણવકના** હર્ષોદગાર. અને બાજ પક્ષીનું સંગમનીયમણી ઉપડી ઉડી જવું. તથા તેના શોધ માટે રાજાનું વિરમવું.

પ્ર. ર જો—**ચ્યવંન મુનિના આશ્રમનો પ્રથમ ભાગ**—નાનકડાં આયુ **પ્રભા**ના નિર્દોષ પ્યારની રમત ગમત. અને **આ**યુએ બાજ પક્ષીને બાણુ મારવું.

પ્ર. ૩ જો—**ચ્યવન મુનિનો આશ્રમ**—બાજ પક્ષીને મારી આશ્રમ ધર્મ વિરૂદ્ધ આચરણ કરવાથી **ચ્યવન** મુનિ **સત્યવતિ સાથે આયુને પુરૂરાજાને** ત્યાં મોકલે **છે પ્રભા** પણ આગ્રહ હઠ કરી તેની સાથે જાયછે. પાછળથી **રાહુ-**

દાનવ પુત્રીની ખબર લેવા આવતાં મુનિ તેને **પુરૂરાજાને**, ત્યાં **આયુ** સાથે ગએલી છે. એમ જણાવતાં રાક્ષસ ક્રોધિત થાયછે. મુનિને **આયુને પ્રભા**થી ઉત્પન્ન થનાર કુમાર ઇંદ્ર પદ મેળવનાર છે. એમ **રાહુને** સ્પષ્ટ સમજાવી **તેને** શાન્ત કરી તેની પાસે **આયુને પ્રભા** સાથે પરણાવવાનું વચન માગેછે, વચન આપી રાક્ષસ વિદાય થાય છે.

પ્ર. ૪ **થો—રાજમહાલય—**ગુમ થયેલો સંગમનીય મણી **પુરૂરાજાને** પ્રાપ્ત થાયછે. અને પ્રતાપી પિતાના પ્રતાપી પુત્ર **આયુની** અજાયબી ભરી રીતે મુલાકાત **પુરૂરાજા** સાથે થાયછે.

પ્ર. ૫ મો—**રાજમહાલય—આયુ ઉર્વશીને** મળતાંજ પુત્ર ઘેલડી માતા પુત્ર પ્યારથી હર્ષની રેલછેલમાં તણાય છે. પણ બીજેજ પળે ઇંદ્રરાજનો શ્રાપાનુગ્રહ યાદ આવતાં ઉદાસીના ઉદધીમાં ઉતરી જાયછે. અશ્રુભરી આંખડીથી આકાશમાર્ગે સંચરવા ધાય છે. ઇંદ્રિથી પ્રેરાયલા નારદ તેને જતી અટકાવા ઇંદ્રનો આદેશ સંભળાવી પુરૂરાજા સાથે સદાને માટે રહેવાને સમજાવે છે અનેરી આશાવેલડી અમરફળથી છલકાયછે સર્વનો હર્ષાનંદપુર બહારમાં અનુભવાય છે.

પ્ર. ૬ ઠો—**રાજમાર્ગ—આયુ** પ્રભાના પૂર્ણ પ્રેમભર્યા પ્રણયોદગાર.

પ્ર. ૭ મો—**પુરૂરાજાનો ભવ્ય દરબાર**-ઇંદ્રરાજે પ્રેરલી અપ્સરાઓનો મનોહર નાચ અને **આયુ પ્રભા**ના હસ્ત મેળાપ બાદ આયુને યુવરાજ પદાભિષેક.

આનંદ મંગલ.

શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

શ્રી

ઉર્વશી-પુરૂરવા નાટકનાં પાત્રો.

પુરૂષ પાત્ર.

પુરૂરવા	...	પ્રતિષ્ઠાન નગરીનો રાજા.
માણુવક	...	રાજાનો પુરોહિત.
નારાયણ	...	ભગવાન વિષ્ણુના અંશાવતારી તપસ્વી.
ઇંદ્ર	...	અમરાધિપતિ, સ્વર્ગ લોકનો દેવરાજ.
ચ્યવન	...	એક તપસ્વી રૂષી.
નારદ	...	દેવર્ષિ.
ભરતમુનિ	...	એક રૂષિ.
કેશીદાનવ	...	એક રાક્ષસ, પુરૂરાજાનો શત્રુ.
રાહુદાનવ	...	એક રાક્ષસ પ્રભાનો પિતા.
ગાલવ	...	ભરતમુનિના શિષ્ય.
ચિત્રરથ	...	એક ગાંધર્વ.
સિદ્ધબુદ્ધ	...	ચ્યવન મુનિના શિષ્ય.
વિદ્યારામ	...	માણુવકનો વેદીયો જમાઇ.
અરજણ	...	માણુવકનો રબારી. (ગાયો દોહનાર)
આયુકુમાર	...	પુરૂરાજાનો પ્રતાપી પુત્ર.
ગુરૂ, શિષ્ય	...	સંસાર ત્યાગી મહાત્મા.

સ્ત્રી પાત્રો.

ઉર્વશી ... નારાયણના ઉરૂથી ઉપજેલી અપ્સરા.

રાણી ... દેવી કાશીરાજ પુત્રી પુરૂરવાની પત્નિ

ચિત્રલેખા... ઉર્વશીની સખી.

સત્યવતિ ... એક તાપસી ભગવાન ચ્યવન મુનિની ધર્મપત્નિ.

પ્રભા ... રાહુદાનવની પુત્રી અને આયુની પ્રણયિની.

નિપુણિકા.... રાણીની દાસી.

લલિતા ... માણવકની પુત્રી, વિદ્યારામની પત્નિ.

રૂપાળી ... માણવકની સ્ત્રી.

રંભા, મેનકા, સહજન્યા, રીદ્ધિસિદ્ધી વીગેરે અપ્સરાઓ તથા **ગુલાબ, ગંભેલી** વીગેરે **પ્રભાની** સખીઓ.

સ્થળ—પ્રતિષ્ઠાન નગરી, તથા હેમકુટ અને ગંધમાદન પર્વત.

૭૨૪૩

શ્રી

ઉર્વશી-પુરૂરવા.

નાટકનાં ગાયનો.

અંક ૧ લો.

સૂત્રધાર— ગાયન ૧.

આનંદ આપો, સ્થાપો સુખ પ્રભુ.
મંગલદાયક. શ્રી વનમાલી.
કૃતિ કરો સફળ. હેત ધરી હરો ત્રયતાપો...આનંદ.
દીનદયાળુ, કહે સહુ કોઇ. ઇશ આપને.
કષ્ટ સર્વે કાપો. છાપ શુભ છાપો............આનંદ.

બાળાઓ— ૨

પ્રેમ સાટે તજે જે, પ્રાણ એવા પ્રેમી પ્રભુનું સ્વરૂપ છે.
પ્રેમ સાથે ચોટયું વહેમ મુળ છે.........એવા.
શુદ્ધ પ્રેમી સંસારે તવાય છે પણ અંતે પ્રેમીની સવાય છે,
પ્રેમ તારૂ અજબ એક રૂપ છે........એવા.
ભારે ભોગી બ્રહ્માંડ કેરા ભુપ છે. તેમાં પ્રેમી પુરૂરવા અનુપ છે.
પ્રેમ તારૂં અજબ એક રૂપ છે......એવા.

અપ્સરાઓ— ૩

નાથ નેહે નિહાળો. ઉઘાડીને નેણ.
ઉઘાડીને નેણ. બોલો વ્હાલ ભર્યા વેણ. નાથ.
મહામુદ મંદિર. સમય છે સુન્દીર.

કામે કહ્હાવ્યું છે. અમ સાથે કેણુ. નાથ.
ત્યાગ દીઓ તજી, શૃંગાર લ્યો સજી.
આપો પતાવી. અમ રૂં લેણુ દેણુ. નાથ.

સખીઓ— ૪

તું ચાલ ચાલ શાણી. સ્વર્ગે ચટકીની ચાલથી.
ત્યાં ઈન્દ્રતણા દરબાર મહીં. વસીરે જે વ્હાલથી. તું.
નારાયણના ઉરૂથી. તન આ વિધીએ ઉપજાવ્યું.
અરપ્યું રૂપ અનુપમ. સાથે મુદભર મન ભાવ્યું.

ઉર્વશી-એતો ઠીક પણુ, આતો આણું, પરણ્યા વીણુ આવ્યું.
સખીઓ-પરણાવીશું, પ્યારથી......તું ચાલ.

નારદ— ૫

નયને નિહાળ્યો મ્હારા નટવરને.
ઘટઘટ વ્યાપી વ્હાલો, હૃદયે રમે મારા હૃદયે રમે...નયને.
અલખ નિરંજન, ભવભય ભંજન.
વહાલો વિહારી મ્હારા હૃદયે રમે મારા હૃદયે રમે...નયને.
સાચો સલુણો સ્વામી, નાથ ગરૂડાગામી.
વિશ્વ વિરામી...મ્હારા હૃદયે રમે મારા હૃદયે રમે...નયને.

લલિતા— ૬

છબી ગોરી ગોરી રૂપ ભંડાર, બાળા હું અલબેલી,
નવયૌવન ઉભરાઇ આવ્યું, આ બદનતણોછે બહાર.(૩)હું.
રંગ અંગમાં અનંગ કેરો ચમકાવે ચમકાર,
મદન મારથી બની બ્હાવરી બાચી ભોચી નાર.(૩) હું.
પ્રેમ મસ્ત બની સ્વામી સંગે સફળ કરૂં સંસાર,
પતિવૃત પાળી પ્રીતે પિયુને, સેવું હયાહાર. (૩)...હું

લલિતા— ૭

ચાલો ચાલો અલબેલા ઘેલા છેલાછબીલા
વીરહે સતાવી દીવાની બનાવી,
પ્યારી તમારી રસીલા, અલબેલા.
વિદ્યારામ-વનીતા વ્હાલી શી મુખ લાલી,
વેદવચને બિલાલી. અલબેલા.
લલિતા-રતિ રંગ રાગે રસીયો રમાડું,
કરૂં કામ સાથે હું કેલી. અલબેલા.

૮

સૃષ્ટીની વધી શોભા વસંતે.
શોભા વસંતે, વધી શોભા વસંતે........ટેક.
ખીલ્યાં કુસુમ બહુ, રંગ બેરંગી.
ખીલે વીહંગોની, કુંજોમાં ખંતે.....સૃષ્ટી.
શીતળ મંદ સુગંધી, સમીરથી.
છોડી દીધી છે, સમાધીને સંતે.....સૃષ્ટી.

સાખી.

મંજુલ કુંજે ગુંજતા, અમીત લહી આનંદ.
ચુસી રહ્યા છે ચાહથી, મધુપ મધુર મકરંદ......સૃષ્ટી.
પ્રીતે નકીબ પોકારતા, અભીનવ કરી ઉચ્ચાર.
જાણે શ્રી રૂતુરાજના છે કોકીલ છડીદાર........સૃષ્ટી.

ઉર્વશી— ૯

સબુર સખીઆ તરૂમાં ગયો, હાર ગુંચાઇ
હાર ગુંચાઈ, મારો હાર ગુંચાઈ
નીકળતો નથી, મન રહ્યું છે, મારૂં મુંઝાઈ.

ચીત્રલેખા-કાઢ સેરવી, તુજ હું બની, બાવરી બાઇ...સબુર.
પુરૂરવા—હાર હૈયાનો તનેજ બનાવીશ, સ્નેહે છવાઇ.
આ સમે તો મનની રહી, મનમાં સમાઇ...... સબુર.

પુરૂરવા— ૧૦

ચોરી ગઇ ચીત, રમણી અજબ રીત...ચોરી.
ખેંચી નયન બાંણુ, ભ્રકુટી કમાને.
કઢયું કલેજાને, કોરી ગઇ ચીતચોરી.
સર્વાંગે સુંદર ઉર્વશી જેવી.
છેના અવર કોઇ, ગોરી ગઇ ચીતચોરી.

રાણી— ૧૧

ભોજપત્રવાળી, ભામાને, મળો ભાવથી.
હવે શું છે મારૂં કાંમ, વૃથા લેશો નહી નાંમ....પત્ર.
પુરૂરવા-મનોહારી ક્ષમા કરો કૃપા કરી;
ભુલ મારી કરૂં છું કબુલ.
રાણી—નથી માગતી કરાવવા કબુલ હું,
તમે મારૂં ઘટાડયું છે મુલ.
ઉર્વશી સારી હું છું નઠારી.
પુરૂરવા-બોલો નહીં એમ રાખો નાથ ઉપર રહેમ...પત્રવાળી.

રાણી— સાખી.

હુથી રૂપાળી એ ખરેખર, સ્વર્ગની છે સુંદરી.
પણ કોણ છે માબાપ એના, એ વીચારી જુઓ જરી.
નથી દોષ એમાં આપનો, કાંમી સુખેથી સુએ નહી.
પ્રેમાન્ધ પ્રાણી, જગત માંહે, જાતભાત જુવે નહી. પત્રવાળી.

લલિતા— ૧૨

કોને કહું અંતરની આપદ મારીરે રે હાય
યૌવનને મદે મદમાતી, છલકાતી રસથી છાતી,
આશા ઉરે ઉભરાતી, ઉભરાઇને ઠલવાતી. મારીરે રે.
પડી ટેવ તે ના ટળતી, વર વેદીયાની વર્તી;
કાયા કરી કળકળતી, રામા હૃદય બળતી. મારીરે રે.

લલિતા— ૧૩

લુંટો લુંટો રસીલા રસ લુંટો છબીલા,
નારી નાજુક નવોઢા મદમાતી,
કાયા યૌવન મદે છલકાતી. હાંરે કાયા-લુંટો.
પૂજું હું પ્રીતમજી તમ પાય,
વિદ્યારામ-"નારે ના સુંદરી એમ ન થાય."
લલિતા-"વાહ વાહ પ્યારા, પ્રિય પતિ મારા,
કામણગારા, આતમહારા,
રસીયા રસઘેલી નારી,
વિદ્યારામ—વેદાન્તવડે લાચારી—
ના, ના, ના—લુટો—

નારદ— ૧૪

ભાઇ કોટી ઉપાય કર્યોથી, મીથ્યા થતુ નથી ભાવી.
શાસ્ત્રો કહે છે સમજાવી...એ...એ...એ.
હાર્યા હરીહર બળ અજમાવી, મીથ્યા થતું નથી ભાવી,
બુદ્ધી વિધીની બદલાવી...એ...એ...એ.
કેવી કરણી ખરાબ કરાવી......મીથ્યા થતું નથી ભાવી.

અપ્સરાઓનું— ૧૫

હઠો દુર રહો અલબેલા, દુર રહોજી ચતુર અહો...અ.
કર પકડો નહી નીપટ અનાડી મચકાઇ જાશે નાજુક કાડી.
જઇ પ્યારી ઘર સુખ લહો......અલબેલા.
રસબસ રસીયા શોકયની સંગે આજ પધાર્યા આંહી ઉમંગે.
નાહક નહી અમ દીલ દહો......અલબેલા.

ઉર્વશી— ૧૬

પ્રેમ જાંમ પીતાં, હૈડું રહે ન હાથ.......પ્રેમ.
દીવસે રજની જણાય, રજની દીનસમ મનાયપ્રેમ.

સાખી.

કહેવાની ઇચ્છા કંઇ, હૃદયે ઉપજી હોય.
પણ મુખથી નીકળે કંઇ, કરે ન જાણે કોય.
કરવા મન હોય કાંઇ, કરણી વીપરીત થાય...પ્રેમ.

પ્રથમ અંક સમાપ્ત.

અંક બીજો.

રાણીનું— ૧૭

સ્ત્રીનો ધર્મ સાચો છે, સ્વામીની સેવા
જાણો પતિ દેવ, તણા દેવા
હૃદયે રાજી રહેવા, લાખેણા લાભ લેવા...ટેક.
પ્યારા વીના અન્ય પ્રેમી થવાથી
સ્વામી સેવા છોડી, તીર્થે જવાથી
માનજો મળે નાહી મુકતીના મેવા...ટેક.

પુરૂરવાનું— ૧૮

નથી નથી આવતી હાય જરાય નીંદરડી
ઉર્વશી એ વસી આંખે..................નથી૦
ચિત્ર ચીતરતાં ચેતન વીણએ
મુજ દુઃખને નહી ઝાંખે...............નથી૦
છું નીરૂપાય, થતિ નથી હુંથી
ગતિ નભમાં, વીણ પાંખે...............નથી૦,

ઉર્વશી-પુરૂરવાનુ— ૧૦

પુરૂરવા—છોડ છોડ સુંદરી શાણી (૨)
ઉર્વશી—કહોજી હું છું કોણ
પુરૂરવા—તું છે ઉરવશી ઉરમાંહી વસી........છોડ૦
ઉર્વશી—જોર હોય તો, જરા અજમાવો મોહનજી મનકાં મુંઝાવો
પુરૂરવા—ટુટી જવાની શંકાએ, શકુ નહી અંગુલી કોમલ તણી

ઉર્વશી-પુરૂરવાનું— ૨૦

ઉર્વશી—આજે ઘડી આનંદની નીરખી
પુરૂરવા—મળી મને સુંદરી તું સરખી
પુર્વના પુણ્ય વીના પ્રમદા તુજ, સંગ શી રીતે બને
ઉર્વશી—પ્રેમ સુધારસ પાઇ તમે, વીણ દામે ખરીદી મને...આ
પુરૂરવા—શોભાવજો ગૃહ મારૂ સલુણી શ્રેષ્ટ શ્રંગાર સજી
ઉર્વશી—ચાહ ધરી ચરણો હું તમારા, પુજીશ પ્રીતમજી...આ

લલિતા— ૨૧

"સતિતાણું સુખ સ્વામી ચરણે,
સ્વામીથી શુભ થાય છે.
પતિ તજી મૈયર રહે મુગ્ધા,

પાપની ભાગી થાય છે. ટેક.
પિયરતણી પાલખી નકામી,
સાસરીયાંની શૂળી સત્ય ગણાયછે...સતિ૦
પ્રેમ મસ્ત બની પતિની સંગે,
સેવું સ્વામી સુંદર હૈયા હારને......સતિ૦
વિદ્યારામ—"ચાલો ચતુરા અતિ ઉમંગે,
સોહાવો સુખકર મારા સંસારને."...સતિ૦

પુરૂરવા— ૨૨

પ્રાણ પ્રિયા, સુખરૂપ ફરી વળજો. વનથી વહેલાં વહેલાં...પ્રા.
વંદન મુંજ મુનીવરને કહેજો, રાગી જનપર પ્રસન્ન રહેજો પ્રા.
ઉર્વશી—રાજભુવન તજી વનમાં રહેવું શીદ ઇચ્છું ઉરમાંહું એવું
પણ નીરૂપાયે જાવું પડેછે, વીશ વીયોગનું ખાવું પડેછે...પ્રા

શીષ્ય— ૨૩

'હું થાઉં તમારી નારી, બની જોડી આપણી ભારી...હાં.
અરજણ—'ભારી ભારી ભારી ભારી
શીષ્ય—"ગુલાબ સમ આ ગાલ જુઓ, ચંદ્ર સમુ આ ભાલ જુઓ
હાં આંખ અણીયાળીથી હું મારૂં નયન કટારી.
ગળે નાખીને હાથ જુઓ, જરા ભરીને બાથ જુઓ,
આ સુખ આ મુખપરે ગુરૂજી જાએ વારી વારી
અરજણ—વારી વારી વારી— હું થાઉં૦

ઉર્વશીનું— ૨૪

કરવું હવે શું મારે રે, આથી મરવું ભલું છે...કરવું.
આ નૃપ બાલક, પાલક જગનો
હીંમત દુ:ખથી, હારે રે..........આ૦

રાજભુવનમાં, રહેનારો આ
દીન વનમાંહી. ગુજારે રે આ૦
લાડકવાયો, લાલ પડયો આ
પાપીણી સ્રીને પના રે...... ....આ૦

ઉર્વશી— ૨૫

આશી દશા આવી રે મુઝાય મન મારૂં...આ
ચાલતાં લેશ ચલાતું નથી, નથી કષ્ટ ખમાતું હાયરે
વસમાં પુત્ર વિયોગથી, મારો જાએ કંઠ સુકાઇરે...મુ૦
આધાર જીવનનો અતી ઉત્તમ નીર્મળ આંખોનું નુરરે
કેમ જીવાશે કુમાર કોડીલોયા—તાંદ્રગથી દુરરે...મુ૦

વિદ્યાધર કુમારી— ૨૬

જુઠની બાજી છે બધી આ, નામ નીશાની કંઇ નહી.
જોયું તપાસી, નેત્ર વીકાસા, સાચી કમાણી કંઈ નહી
પંચભુતોનો પીંડ અરે આ નીસબત કયાંની કાંઇ નહી
કાળની માયા વાદળ છાંયા, વીતી જવાની કાંઇ નહી. જુઠ
જીવ ગુમાનીને અભીમાની, છે સહુ ફાની કાંઇ નહી
જોર જુવાની, ને જીંદગાની, ખાખ થવાની કાંઈ નહી. જુઠ.

વિદ્યાધરકુમારી— ૨૭

કેમ મટે લખ્યું લલાટ પટમાં, લલાટપટમાં લલાટપટમાં. કેમ
સુખને દુઃખ ઘટ સાથે ઘડયાં છે
રહે ન કાયમ, કોઇ નિકટમાં...............કેમ
સખી આ સમયે, આવી પડયાં છે
નૃપને ઉરવશી વ્યાધી વિકટમાં ....કેમ

પુરૂરવા— ૨૮

શ્યામ ધાંમ ગગનમાં ધરતો,

છે આ નક્કી નવઘન સંચરતો.........શ્યામ.
આ છે સુર ધનું નથી દનુજ શરાસન
ચપલા ચમકે નથી પ્રીયા સુખભાજન
ન હોય શર આજલની ધારા, કઠીન ગરજના કરતો...શ્યામ.

પુરૂરવા— ૨૯
લોભે નેણુલાં, નીહાળી લતા નમણી.
લોભે નેણુલાં નીહાળી, લતા નમણી જાણે મુજ રમણી.
દેશાન્તી બમણી.........નેણુલાં.
ઉર્વશીના અંગ સ્પર્શે, જામે સુખ જેવું.
આને અડવાથી, મલ્યું આશ્વાસન એવું.......નેણુલાં.
આલીંગુ હું આંખ વીંચી, જુવતી સ્વરૂપ જાણી.
મરતો જીવું હું આવહ્નરી જો વદે વેદ વાણી...નેણુલાં.

ઉર્વશી— ૩૦
નીહાળ્યો નાથ નયનેરે, મણી અણુનોલ......ની૦
પુરૂરવા—અડતાં વ્યાપે આનંદ ઉરમાં, વધારેછે વિજયનેરે...મ.
ઉર્વશી—શીરપર સ્થાપુ, ચોગણી ચાહથી,
સંભાળી રાખું શયનેરે......

અંક ત્રીજો.

માણવક— ૩૧
સુખ શાંન્તી આજ છાઈ, ઉત્સવની છે ઘડી
સંકટ સહુ નાશ પામ્યાં, રહી ચીંતા ના જરી....સુખ.
અસ્તોદયની કસોટી થકી કસતા શ્રીહરી,
સતવંતા શુદ્ધ જોઇ, સુખ દેતા આખરી......સુખ.

બલીહારી શ્રીમોરારી, ગતી જાયે ના કળી,
સહુનો સંયોગ કીધો, કરૂણા દૃષ્ટી કરી.....સુખ.

પ્રભા—સખીઓ— ૩૨

સખીઓ—આંખ હવે ચોળમાં આ લીંબી જાય આમ ખાલી.
તું રસીયાઆથી ના રીસા.......આંખ.
પ્રભા—મૃગનેણી સાથે કુવર કહે મને વહાલી.
નથી ક્રીડા એ રોચતી નમાલી,
સખીઓ—(અલી જુઓ) તું રસીઆથી ના રીસા...આંખ.
ફરતી એકાંતમાં આયુનો હાથ ઝાલી.
હવે કર માં સફાઇ બાઇ ઠાલી.
તું રસીઆથી ના રીસા.
પ્રભા—નહિં આવું જાઓ હું તો સઉથી રીસાણી.
વૃથા શાને બનો છો વીલાલી.
સખીઓ—તું રસીયાથી ના રીસા......

આ.યુ— ૩૩

સ્વીકારો સુંન્દરી, આ મોંઘી મંજરી સુવાસેથી ભરી...સ્વી૦
પ્રભા—જાઉં, એ મંજરીના બોજાથી હું મરી.
દુર જાઓ, ના સતાવો, ઓ દૈત્યોના અરી......સ્વી૦
સખીઓ—આયુથી આટલા દી, દીસે તું ના ડરી.
શત્રુકેમાં, વહેમે વહેમાં, તું લક્ષ્મીએ હરી...સ્વી૦

આયુ— ૩૪

ક્ષત્રીનો ધર્મ ખરો એ, દેવું સહુને દાન. ટેક.
પગ રણે, ભરચો નહિં પાછો જાય ભલે કદી જાંન.
ન્યાયથી યુદ્ધ કરી અરીઓનું, ઉતારવું અભીમાન...ક્ષત્રી

શરણે આવેલનું, સહુ વાતે, સાચવવું સન્માન.
પાળવી પુત્ર સમાન પ્રજાને, ગુરૂથી મેળવી જ્ઞાન... ક્ષત્રી.
પ્રભા—ટાળવા સંકટ મારૂં, આયુને હાથે હણાયો બાજ.
ક્ષમા કરી, અપરાધને, આજ્ઞા આપો ગુરૂવર આજ...ક્ષત્રી.

પ્રભા— ૩૫

બની હું તો અલબેલી, નવેલી.
રાહુથી જન્મેલી અનંગ રંગરેલી, કરૂં વશ કંથને...બની.
ચાહે કશીને ચોલી, ગુંથુ અંબોડો છોડી.
વેણી ગુંથું હું થોડીરે થોડીરે
બગાસે તન, તોડીરે તોડી.
રીઝાવું મીઠું, બોલીરે બોલી.
જાંમી સુન્દરી જોડી બની.........

પ્રભા— ૩૬

'વશ્યા આંખોમાં આપ અનુપ અંજન નહિં આંજુ હવે
મલ્યા આપ આભૂષણ રૂપ શૃંગાર નહિં સજું હશે. વશ્યા૦
આયુ-"ત્યારે જમો આ પાન સોપારી.
પ્રભા-"લાલને શું કરૂં લાલ, બીડીને મૂકો બાજુ હવે. વશ્યા૦
આયુ-"ત્યારે તુરત દરબારમાં ચાલો.
પ્રભા-"ચાલતાં ચંચળ ચાલ મોહન હુંતો બાજું હવે. વશ્યા૦

સર્વ— ૩૭

આજ નીરખી અજબ કૃતી.
થાએ હૈયું, મુદીત અતી............આજ૦
રાખીને અન્યો અન્ય રતિ, શોભે લક્ષ્મી સરસ્વતિ.
ધન્ય જન પતિ ધન્ય ભગવતિ... ..આજ૦

સમાપ્ત.

નામ૦.   ૨ની

ગવર્નમેન્ટ લેબોરેટરીમા   .રકારી ડાકટરે અમારી બના-વેલી **બાદશાહી યાકુતી અ . ગ વિલાસ**ની ગોળીઓ એનાલાઇઝ કરીને તેમાં કોઇપણ જાતની નુકશાનકારક ચીજ નથી એવું **સરટી-ફીકેટ આપેલ છે.** અને એ ઉમદા રજવાડી દવા અકસીર હોવાથીજ વિલાયતમાં પાસ થએલા મોટા ડાકટરો, રાજા મહારાજાઓ, નવાબો તથા દેશી અને ઇંગ્રેજ ગૃહસ્થો અને મોટા સરકારી અમલદારોમાં પણ બહુજ વખણાય છે.

બાદશાહી યાકુતી.

અનંગ વિલાસ.

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે. પુરૂષાતન કાયમ રાખે છે. આ રાજવંશી યાકુતી વીર્યવીકારના તમામ વ્યાધી મટાડે છે. અને વીર્ય ઘટ્ટ બનાવી ખરૂં પુરૂષાતન આપે છે ખરી મરદાઇ આપનાર અને નબળા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર. આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભલામણ છે. આ દવા વાપરવામાં કોઈપણ જાતની પરેજીની જરૂર નથી ૪૦ ગોળીની ડબી એકના રૂપીયા દશ.

બાદશાહી યુનાની લેપ.

ઉમદા દ ાઓમાંથી આ લેપ બનાવેલ છે; અને તે નસોને પુ-પુરતી તાકાત આપે છે. ખરૂં પુરૂષાતન લાવવા માટે આ લેપ ફતે-હમંદ ઇલાજ છે. આંઉસ એકની ડબીના રૂપીઆ આઠ **તમામ દવા-**ઓનું પોસ્ટ ખર્ચ જુદું.

ડાકટર કાલીદાસ મોતીરામ—રાજકોટ—કાઠીયાવાડ.

અમારી કંપનીના નીચલા નાટકોનાં ગાયનોની ચોપડીઓ જ્યાં અમારો મુકામ હશે ત્યાંથી નીચલી કિમતે રોકડેથી મંગાવ્યાથી મળશે.

ચોપડીનું નામ.	કિંમત.
બિલ્વમંગળ ઉર્ફે સૂરદાસ.........	૦—૨—૦
શ્રી ભક્તિવિજય...	૦—૨—૦
સુરેખા હરણ	૦—૨—૦
નાગર ભક્ત...	૦—૨—૦
નીલમ માણેક.	૦—૨—૦
યોગકન્યા	૦—૨—૦
મનહરમેના	૦—૨—૦
મહાશ્વેતા—કાદમ્બરી.	૦—૨—૦
જોહરે શમશીર	૦—૨—૦
શ્રી જયમતી....	૦—૨—૦
માતૃપીતૃ ભક્ત પુંડરીક...	૦—૨—૦
ઉર્વશી—પુરૂરવા	૦—૨—૦
હોથલ પદમણી	૦—૨—૦
જેસલતોરલ...	૦—૨—૦
બીરબલ બાદશાહ...	૦—૨—૦
પ્રવીણસાગર...	૦—૨—૦
કનક—કેશરી...	૦—૨—૦